# સરપ્રાઈઝ મેડિકલ બિલો સામે તમારા અધિકારો અને સંરક્ષણો

# Your Rights and Protections Against Surprise Medical Bills

જ્યારે તમે આપાતકાલીન સંભાળ મેળવો છો અથવા નેટવર્ક બહારના પ્રદાતા દ્વારા નેટવર્કની અંદરની હોસ્પિટલ અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ સેન્ટર ખાતે સારવાર મેળવો છો, ત્યારે તમે સરપ્રાઈઝ બિલિંગ અથવા બેલેન્સ બિલિંગથી સંરક્ષિત છો.

**“બેલેન્સ બિલિંગ” (ક્યારેક “સરપ્રાઈઝ બિલિંગ” કહેવામાં આવે છે) શું છે?**

જ્યારે તમે એક ડૉક્ટર અથવા અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાને મળો છો, ત્યારે તમે ચોક્કસ ખિસ્સા-બહારના ખર્ચ, જેમ કે સહ-ચૂકવણી, સહ-વીમો, અને/અથવા કપાતપાત્રના ઋણી હો તેમ બની શકે છે. જો તમે પ્રદાતાને મળો છો અથવા એવી આરોગ્ય સંભાળ સુવિધાની મુલાકાત લો છો જે તમારા આરોગ્ય પ્લાનના નેટવર્કમાં નથી, તો તમે અન્ય ખર્ચ ધરાવો તેમ બની શકે છે અથવા સમગ્ર બિલની ચૂકવણી કરવી પડી શકે છે.

“નેટવર્ક બહાર” એવા પ્રદાતાઓ અને સુવિધાઓને વર્ણવે છે જેમણે તમારા આરોગ્ય પ્લાનની સાથે અનુબંધ પર હસ્તાક્ષર કર્યા નથી. નેટવર્ક બહારના પ્રદાતાઓને તમારો પ્લાન જે ચુકવવા સંમત થયો છે, અને સેવા માટે ચાર્જ કરવામાં આવતી સંપૂણ રકમની વચ્ચેના તફાવતને તમને બિલ કરવા માટે મંજૂરી આપવામાં આવી હોય તેમ બની શકે છે. આને “બેલેન્સ બિલિંગ” કહેવાય છે. ‘આ રકમ સમાન સેવા માટે નેટવર્કની અંદરના ખર્ચ કરતાં વધારે હોવાની સંભાવના છે અને કદાચ તમારા વાર્ષિક ખિસ્સા બહારની મર્યાદામાં ગણવામાં ન આવે.

“સરપ્રાઈઝ બિલિંગ” એ એક અનપેક્ષિત બેલેન્સ બિલ છે. આ ત્યારે થઈ શકે છે જ્યારે તમે નિયંત્રિત કરી શકતા નથી કે તમારી સંભાળમાં કોણ સામેલ છે - જેમ કે જ્યારે તમે કટોકટી ધરાવો છો અથવા જ્યારે તમે એક નેટવર્કની અંદરની સુવિધાની મુલાકાત લેવાનું નિર્ધારિત કરો છો પરંતુ અનપેક્ષિત રીતે નેટવર્કની બહારના પ્રદાતા દ્વારા સારવાર કરવામાં આવે છે.

**તમે નીચેની બાબતો માટે બેલેન્સ બિલિંગથી સંરક્ષિત છો:**

- **આપાતકાલીન સેવાઓ** - જો તમે આપાતકાલીન તબીબી સ્થિતિ ધરાવતા હો અને નેટવર્ક-બહારના પ્રદાતા અથવા સુવિધા પાસેથી આપાતકાલીન સેવાઓ મેળવો છો, તો મોટાભાગના પ્રદાતા અથવા સુવિધા તમને જે બિલ કરે તે તમારા પ્લાનના નેટવર્કની અંદરના ખર્ચ-વહેંચણી રકમ હોય તેમ બની શકે છે (જેમ કે સહચૂકવણી અને સહ-વીમો). આ આપાતકાલીન સેવાઓ માટે તમને બેલેન્સ બિલ કરી **શકાતું નથી.** આમાં એ સેવાઓનો સમાવેશ થાય છે જે તમે સ્થિર સ્થિતિમાં આવી જાઓ પછી મેળવો તેમ બની શકે છે, સિવાય કે તમે લેખિત સંમતિ આપો અને આ સ્થિરતા-પશ્ચાતની સેવાઓ માટે તમારા સંરક્ષણોને બેલેન્સ બિલ કરવામાંથી જતાં કરો.

- **નેટવર્કની અંદરની હોસ્પિટલ અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ સેન્ટર ખાતેની ચોક્કસ સેવાઓ** - જ્યારે તમે નેટવર્કની અંદરની હોસ્પિટલ અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ સેન્ટર પાસેથી સેવાઓ મેળવો છો, ત્યાંના ચોક્કસ પ્રદાતાઓ નેટવર્કની બહારના હોય તેમ બની શકે છે. આ કિસ્સાઓમાં, મોટેભાગે તે પ્રદાતાઓ તમને જે બિલ કરે તે તમારા પ્લાનના નેટવર્કની અંદરના ખર્ચ-વહેંચણીની રકમ હોય તેમ બની શકે છે. આ આપાતકાલીન દવાઓ, એનેસ્થેસિયા, પેથોલૉજી, રેડિયોલૉજી, લેબૉરેટરી, નીઓનેટોલોજી, સહાયક સર્જન, હોસ્પિટાલિસ્ટ, અથવા ઈન્ટેંસિવિસ્ટ સેવાઓને લાગુ પડે છે. આ પ્રદાતાઓ તમને બેલેન્સ બિલ કરી શકે છે અને જેને બેલેન્સ બિલ કરવાના નથી તેવા તમારા સંરક્ષણોને જતાં કરવાનું તમને ન કહે તેમ બની શકે છે. જો તમે આ નેટવર્કની અંદરની સુવિધાઓ ખાતે અન્ય સેવાઓ મેળવો છો, તો નેટવર્કની બહારના પ્રદાતાઓ તમને ત્યાં સુધી બેલેન્સ બિલ કરી શકતા નથી, જ્યાં સુધી તમે લેખિત સંમતિ આપો અને તમારા સંરક્ષણોને જતાં કરો.

- **બેલેન્સ બિલિંગ સામે રાજ્ય સંરક્ષણો** - તમે પ્રાપ્ત કરો છો તે આપાતકાલીન સેવાઓ માટે તમે ફ્લોરિડા કાયદા હેઠળ પણ સંરક્ષિત રહો તેમ બની શકે છે. મોટેભાગે તમને પ્રદાતાઓ તરફથી જે બિલ કરી શકાય છે તે તમારા નેટવર્કની અંદરની સહ-ચૂકવણીઓ, કપાતપાત્રો, અને/અથવા સહ-વીમો હોય શકે છે. જો તમે ફ્લોરિડા કાયદા હેઠળ સંરક્ષિત હો, તો આપાતકાલીન સુવિધા કે જ્યાં તમે આપાતકાલીન સેવાઓ પ્રાપ્ત કરો છો અથવા આપાતકાલીન સંભાળ માટે તમને જુએ છે તેવા કોઈપણ પ્રદાતાઓમાંથી કોઈના દ્વારા અન્ય કોઈ રકમ માટે ફ્લોરિડામાં તમને બેલેન્સ બિલ આપી શકાતું નથી.

**તમારે ક્યારેય બેલેન્સ બિલિંગમાંથી તમારા સંરક્ષણોને જતાં કરવાની આવશ્યકતા નથી. તમારે નેટવર્ક બહારની સંભાળ મેળવવાની પણ આવશ્યકતા નથી. તમે તમારા પ્લાનના નેટવર્કમાં પ્રદાતા અથવા સુવિધા પસંદ કરી શકો છો.**

*આ દસ્તાવેજની વિષય વસ્તુઓ કાયદાની બળજબરી અને અસર ધરાવતી નથી અને કોઈપણ રીતે લોકોને બાંધવા માટે નથી, સિવાય કે સ્પષ્ટપણે અનુબંધમાં સમાવિષ્ટ કરવામાં આવ્યું હોય. આ દસ્તાવેજનો હેતુ લોકોને માત્ર કાયદા હેઠળ પ્રવર્તમાન જરૂરિયાતો સંબંધી સ્પષ્ટતા પૂરી પાડવા માટે જ છે.*

ફ્લોરિડા કાયદા હેઠળ, તમને બેલેન્સ બિલ આપી શકાતું નથી જો તમે નેટવર્કની અંદરની એક સુવિધા ખાતે નેટવર્કની બહારના પ્રદાતાઓ પાસેથી આવૃત્ત સેવાઓ પ્રાપ્ત કરો છો આવા કિસ્સાઓમાં, વધુમાં વધુ તમને જે આવૃત્ત સેવાઓ માટે બિલ કરવામાં આવી શકે છે તે નેટવર્કની અંદરની સહ-ચૂકવણીઓ, કપાતપાત્રો, અને/અથવા સહ-વીમો. ***જો, તેમ છતાં, તમે સુવિધા ખાતે નેટવર્કની અંદરના એક પ્રદાતાને પસંદ કરવાની ક્ષમતા અને તક ધરાવો છો, અને તમે નેટવર્કની બહારના પ્રદાતાને પસંદ કરો છો, તો તમને બેલેન્સ બિલ આપવામાં આવે તેમ બની શકે છે અથવા સમગ્ર બિલ માટે જવાબદાર બનો તેમ બની શકે છે.*** કૃપા કરીને નોંધ લો કે ફ્લોરિડા કાયદો બધા જ આરોગ્ય પ્લાન્સને લાગુ પડતો નથી. જો ફ્લોરિડા કાયદો લાગુ ન પડતો હોય, તો તમે હજુ પણ ફેડરલ બેલેન્સ બિલિંગ પ્રતિબંધો હેઠળ સંરક્ષિત રહો તેમ બની શકે છે.

**જ્યારે બેલેન્સ બિલિંગની મંજૂરી હોતી નથી, ત્યારે તમે નીચેના સંરક્ષણો પણ ધરાવો છો.**

- તમે માત્ર ખર્ચના તમારા હિસ્સાની ચૂકવણી કરવા માટે જવાબદાર છો (જેમ કે સહચૂકવણીઓ, સહવીમો, અને કપાતપાત્રો જે તમે ચૂકવ્યા હોય જો પ્રદાતા અથવા સુવિધા નેટવર્કની અંદર હોત). તમારો આરોગ્ય પ્લાન નેટવર્કની બહારના પ્રદાતાઓ અને સુવિધાઓને સીધી ચૂકવણી કરશે.

- એ જરૂરી છે કે તમારો આરોગ્ય પ્લાન સામાન્યપણે:
  - સેવાઓ માટે તમારે અગાઉથી મંજૂરી મેળવવાની જરૂરિયાત (પૂર્વ અધિકૃતિકરણ) વિના આપાતકાલીન સેવાઓને આવરી લે.
  - નેટવર્કની બહારના પ્રદાતાઓ દ્વારા આપાતકાલીન સેવાઓને આવરી લે.
  - તમે નેટવર્કની અંદરના પ્રદાતા અથવા સુવિધાને શું ચૂકવશો તેના આધારે તમે પ્રદાતા અથવા સુવિધા (ખર્ચ-વહેંચણી) પર શું લેણું ધરાવો છો અને તે રકમ તમારા લાભોના સ્પષ્ટીકરણમાં દર્શાવે.
  - તમારા કપાતપાત્રો અને ખિસ્સા બહારની મર્યાદાઓ માટે આપાતકાલીન સેવાઓ અથવા નેટવર્ક બહારની સેવાઓ માટે તમે જે રકમ ચૂકવો છો તેની ગણતરી કરે.

**જો તમે એવું માનતા હો કે તમને ખોટી રીતે બિલ કરવામાં આવ્યાં છે, તો તમે આરોગ્ય અને માનવ સેવાઓના વિભાગનો સંપર્ક કરો તેમ બની શકે છે. નો સરપ્રાઈઝીસ હેલ્પ ડેસ્કને:** 1 (800) 985-3059. તમે consumer.services@myfloridacfo.com ખાતે ફ્લોરિડા ઑફિસ ઑફ ઈંસ્યુરેન્સ રેગુલેશનનો સંપર્ક પણ કરી શકો છો. ઑફિસ ઑફ ધ ફ્લોરિડા એટર્ની જનરલ સાથે ફરિયાદ દાખલ કરવા માટે, http://myfloridalegal.com/contact.nsf/contact?Open&Section=Citizen_Services/ની મુલાકાત લો.

ફેડરલ કાયદા હેઠળ તમારા અધિકારો વિશે વધુ માહિતી માટે https://www.cms.gov/nosurprises ની મુલાકાત લો

ફ્લોરિડા કાયદા હેઠળ તમારા અધિકારો વિશે વધુ માહિતી માટે https://www.floridahealthfinder.gov/index.html ની મુલાકાત લો.

*આ દસ્તાવેજની વિષય વસ્તુઓ કાયદાની બળજબરી અને અસર ધરાવતી નથી અને કોઈપણ રીતે લોકોને બાંધવા માટે નથી, સિવાય કે સ્પષ્ટપણે અનુબંધમાં સમાવિષ્ટ કરવામાં આવ્યું હોય. આ દસ્તાવેજનો હેતુ લોકોને માત્ર કાયદા હેઠળ પ્રવર્તમાન જરૂરિયાતો સંબંધી સ્પષ્ટતા પૂરી પાડવા માટે જ છે.*

BAYFRONT HEALTH
St. Petersburg